# બાયડના પીએચસી કેન્દ્રના ૩ કર્મીઓ કોરોનાની ઝપેટમાં

## અરવલ્લીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬ અને રાજ્યમાં ૩૯૫ નવા કેસ નોંધાયા

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં વધુ ૩૯૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં ૨૫ લોકોનાં મોત નિપજ્યા છે. ૨૩૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં કોરોનાનાં ૧૨૧૪૧ દર્દીઓ નોંધાયા છે. અમદાવાદમાં-૨૬૨, સુરતમાં-૨૯, વડોદરામાં-૧૮, ગાંધીનગરમાં-૧૦, જામનગર અને સાબરકાંઠામાં-૭, કચ્છમાં-૨૧, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં-૫,ખેડા-પાટણ-ભરૂચમાં-૪, બનાસકાંઠા-મહીસાગર-ગીરસોમનાથ-જૂનાગઢમાં-૩, ભાવનગર-રાજકોટમાં-૨ અને અરવલ્લી જીલ્લામાં ૬ લોકો કોરોનાની ઝપેટમાં સપડાયા હતા.

અરવલ્લી જિલ્લામાં કોરોનાએ અજગરી ભરડો લીધો હોય તેમ જિલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક દિવસેને દિવસે વધતો જાય છે. મંગળવારના રોજ બાયડના આંબલિયારા પીએચસી કેન્દ્રના ૩ આરોગ્યકર્મીઓ, બાયડના ટોટુ ગામનો પુરુષ, મેઘરજનો ૨૦ વર્ષિય યુવક તેમજ ભિલોડા તાલુકાના વાંસડી ગામે એક કેસ પોઝીટીવ આવતાં તંત્રમાં દોડધામ મચી છે. મંગળવારે નવા ૭ કેસ કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતાં જિલ્લાનો આંક ૮૮ પર પહોંચ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો દિન પ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. જો કે અગાઉ ત્રણ ચાર દિવસની રાહત કોરોનાએ આપ્યા બાદ રવિવારથી ફરી પોઝીટીવ કેસો આવી રહ્યા હોય તેમ રવિવારે મોડાસા અને બાદમાં સોમવારના રોજ ભિલોડા તાલુકાના વાંસડી ગામે ૪૮ વર્ષિય પુરુષ, ૧૭ વર્ષની તરૂણી અને ૧૫ વર્ષના તરૂણનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. મંગળવારના ભિલોડા તાલુકાના વાંસડી ગામે રોજ એક નવો કેસ કોરોના પોઝીટીવ નોંધાયો હતો જેમાં ૪૨ વર્ષની એક મહિલાને કોરોના પોઝીટીવ કેસ આવ્યો હતો. જ્યારે બાયડ તાલુકાના આંબલિયા ગામના પીએચસીમાં ત્રણ આરોગ્યકર્મીઓને કોરોના પોઝીટીવ આવ્યો છે. અન્ય કેસમાં બાયડના ટોટુ ગામે પણ એક પુરુષનો કેસ પોઝીટીવ આવ્યો છે અને મેઘરજ તાલુકાના લાલોડીયા ગામે એક ૨૦ વર્ષિય યુવકને પણ કોરોના પોઝીટીવ આવ્યો છે. ત્યારે અત્યાર સુધીમાં અરવલ્લી જિલ્લામાં ૮૮ કેસ કોરોના પોઝટીવ નોંધાયા છે. એક તરફ સરકાર લોકડાઉન-૪માં રાહત આપી છે અને બીજી બાજુ કેસોમાં વધારો થતો જાય છે ત્યારે સરકાર માટે પણ આકરી કસોટી છે. બીજી બાજુ અરવલ્લી જિલ્લામાં જે પોઝીટીવ કેસ નોંધાયા છે તેમાંથી અત્યાર સુધીમાં ૭૫ દર્દીઓ કોરોનાને હરાવીને જંગ જીત્યા છે અને ૭૫ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ પણ કરી દેવામાં આવ્યા છે.

# હિંમતનગરમાં બજારો ખુલતાની સાથે ભીડ જામી

સાબરકાંઠા જિલ્લામાં વહિવટીતંત્ર દ્વારા લોકડાઉનના ચોથા તબક્કામાં અપાયેલી છુટછાટોને પગલે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે બજારો ખુલતા જનજીવન પુર્વવત થવા જઈ રહ્યુ છે. પરંતુ અનેક દિવસોથી ઘરોમાં પુરાયેલા લોકો જાણે કે કંટાળી ગયા હોય તેમ હિંમતનગર સહિત પ્રાંતિજ, તલોદ, ઈડર અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉન-૪માં અપાયેલી છુટછાટો બાદ લોકોએ સરકારના નિયમોની એસીંતેસી કરીને ઘરેથી નિકળઈ ટોળા સ્વરૂપે ગમે ત્યાં ભેગા થવાનું શરૂ કરી દીધુ છે. ખાસ કરીને પાન મસાલા અને પડીકીના શોખીનો તેના વગર બેચેન જ લોકોની ભીડ જામી હતી. ખાસ કરીને પાન મસાલા તથા ગુટકાનો જથ્થાબંધ વેપાર કરતા વેપારીઓના ધંધાના સ્થળે લોકોએ રીતસર પડાપડી કરી હતી. જેના લીધે સોશિયલ ડીસ્ટબન્સ જળવાયુ ન હતુ. ત્યારબાદ આ અંગે પોલીસને જાણ થતા આખરે પોલીસકર્મીઓએ આવીને લોકોને



બજારો ખુલતાની સાથે જ આઝાદી મળી ગઈ હોય તેમ નિકળી પડ્યા છે. જેના લીધે બુધવારે હિંમતનગરમાં લોકોની ભીડ જોવા મળી હતી. ખાસ કરીને પાન મસાલાના ગલ્લા તથા હોલસેલના વેપારીઓના સ્થળે લોકોએ પડાપડી કરતા સોશિયલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડી ગયા હતા. જેથી ના છુટકે પોલીસને દરમિયાનગીરી કરી લોકોને ખદેડી મુકવા પડ્યા હતા. બની ગયા હોય તેમ રઘવાયા બનીને પાનના ગલ્લે દોડી રહ્યા છે. તેમ છતાં બજારમાં કાળા બજારીયાઓ તકનો લાભ લઈને મોંઘાભાવે આવી વસ્તુઓ વેચી રહ્યા છે તેમ છતાં પાન મસાલા અને ગુટકાની આદતથી મજબુર લોકો ગમે તે ભાવે ખરીદવા તૈયાર છે.

દરમિયાન બુધવારે હિંમતનગરમાં અનેક સ્થળે પાન મસાલાના ગલ્લાઓ પર સવારથી ભગાડી દીધા હતા. હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે લોકડાઉનમાં અપાયેલી છુટછાટના ભાગરૂપે વહિવટીતંત્ર દ્વારા સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધી દુકાનો ખુલી રાખવા છુટ અપાઈ હોવા છતા બપોરે એક વાગ્યા પહેલા વેપારીઓ દુકાનો બંધ કરીને જતા રહે છે. સાથોસાથ ખરીદનાર વર્ગ પણ બજારમાં ફરતો નથી જેથી બજારો સુમસામ બની જાય છે.

# જવેલર્સના ત્યાં જોવા મળતાં બાઉન્સર હવે, પાન મસાલાની એજન્સીઓ પર

## મોડાસામાં પાન-મસાલા એજન્સીઓ ખુલતા ભીડને કાબુમા લેવા બાઉન્સર ગોઠવાયા

મોડાસા, તા. ૨૦

રાજ્યમાં ૫૫ દિવસ બાદ જીવનજરૂરી વસ્તુઓ સિવાયની દુકાનો ખુલી છે. સતત બીજા કાબુમાં લેવા બેરિકેડ લાગવાની સાથે બાઉન્સર ગોઠવી દીધા હતા. પાન-મસાલાના હોલસેલ વેપારીઓના ત્યાં ધોમધખતા લગાવી દીધી હતી. તમાકુ પ્રોડક્ટનું વેચાણ કરતી એજન્સીઓ પર પણ વહેલી સવારથી જ લાઈનો લાગી હતી. કેટલીક એજન્સીમાં તો માલ



દિવસે મોડાસા શહેરમાં ભારે ભીડ ઉમટી હતી લોકડાઉન ના પગલે હોલસેલ વેપારીઓ પાસે પુરતા પ્રમાણમાં માલ ન હોવાથી વસ્તુઓની તંગી જોવા મળી હતી. મોડાસા શહેરમાં પાન-મસાલા ગુટખાની એજન્સી ધરાવતા વેપારીઓની દુકાનોમાં બીજા દિવસે પણ લાઈનો યથાવત જોવા મળી હતી. મોડાસા શહેરના જાણીતા હોલસેલ વેપારીએ ભીડને તાપમાં પાનપાર્લર ધારકો અને ગ્રામ્ય વિસ્તારના વેપારીઓએ લાઈન લગાવી હતી.

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં લોકડાઉનમાં મળેલી છૂટછાટના બીજા દિવસે પણ સૌથી વધુ ભીડ પાન-મસાલાના હોલસેલ વેપારીઓના ત્યાં અને પાનપાર્લર અને દુકાનોમાં જોવા મળી હતી. પાન-માવાની દુકાનો ખુલતા જ લોકોએ લાઈનો ખૂટી પડતા માલ ખલાસ હોવા અંગે લોકોને સમજાવવા છતા સમજતા ન હોવાથી એજન્સી બંધ કરવી પડી હતી. પોલીસતંત્ર પણ ભીડ ઓછી થાય અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે સતત પેટ્રોલિંગમાં લાગી હતી બીજી તરફ એજન્સીઓ તરફથી લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે તે માટે ખાનગી સિક્યુરિટી ગોઠવી દેવામાં આવી છે.

# સાબરકાંઠામાં કોરોનાના ત્રણ કેસ

સાબરકાંઠા જિલ્લામાં બુધવારે કોરોના પોઝેટીવના ત્રણ કેસ નોંધાયા છે. ત્યારે જિલ્લામાં કોરોના કેસનો આંકડો અડધી સદી નજીક એટલે કે ૪૯ પર પહોંચી ગયો છે. નવા ત્રણ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર, બેરણા અને પ્રાંતિજના સીતવાડાનો સમાવેશ થાય છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મજુબ હિંમતનગરની સાબરકુંજ સોસાયટીમાં રહેતા દસ વર્ષના બાળકને કોરોનાના લક્ષણો જણાતા તેને હિંમતનગર સિવિલમાં સારવાર હેઠળ રખાયો છે. તેજ પ્રમાણે બેરણાના ૨૫ વર્ષિય યુવાન અને પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામની ૧૨ વર્ષિય બાળકી કોરોનાનો ભોગ બની છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૪૯ પોઝેટીવ કેસ નોંધાઈ ચૂક્યા છે. જે પૈકી ત્રણ જણાના મોત નિપજ્યા છે. જ્યારે ૨૦ થી વધુ દર્દીઓ સાજા થયા છે. હિંમતનગર સહિત જિલ્લામાં અન્ય સ્થળે રોજબરોજ કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે આ પ્રજાએ પણ કમાવવાની અથવા તો અન્ય કોઈ લાલચ રાખ્યા વગર જરૂર પડે તો જ ઘરેથી બહાર નિકળવાનો આગ્રહ રાખવો જોઈએ બાકી ઘરે રહેવુ જોઈએ, ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોના પરીવારજનોએ વિશેષ કાળજી રાખીને પરીવાર સિવાય અન્ય કોઈના સંપર્કમાં ન આવે તેની તકેદારી રાખવી જોઈએ.



હિંમતનગરમાંથી ૧૧ એસટી બસોમાં ૩૫૮ શ્રમિકોને એસટી બસોને સ્થાનિક ધારાસભ્ય-રાજેન્દ્રસિંહ ચાવડા, સાંસદ-દીપસિંહ રાઠોડે લીલી ઝંડી આપી મહેસાણા રવાના કરી હતી. જીલ્લામાંથી આજે ૧૯૭૦ બિહારના શ્રમિકોને ૬૫ એસટી બસોમાં મહેસાણા રવાના કર્યા હતા જ્યાંથી રેલ્વેમાં બિહાર જશે.

# ૫૫ દિવસથી થંભેલા એસટીના પૈડા વેગવંતા બન્યા

લોકડાઉનના ચોથા તબક્કામાં રાજ્ય સરકાર દ્વારા જિલ્લાની અંદર એસ.ટી. બસ સેવા શરૂ કરવાની મંજૂરી આપતા અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસે ૩૧ બસો દ્વારા ૧૬૨ ટ્રીપ શરૂ કરવામાં આવી છે. લોકડાઉનના ચોથા તબક્કકામાં રાજ્ય સરકાર સંચાલિત એસટી બસ સુવિધાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવતા સાબરકાંઠા ડિવીઝનલ સંચાલિત ડેપોમાં હિંમતનગર, મોડાસા, માણસા અને વિજાપુરની ૮૬ બસોને જિલ્લાની અંદર જ મુસાફર પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે તમામ બસોને સેનિટાઈઝ કરાઈ છે. બસમાં મુસાફરી કરતા પહેલા મુસાફરોએ એડવાન્સ બુકિંગ અથવા કાઉન્ટર કે કંડકરટર જોડે ટીકિટ બુક કરાવવાની રહેશે બસમાં મુસાફરી કરતા પહેલા થર્મલ ગનથી સ્કેનિંગ કરવામાં આવશે. ઉપરાંત હાથ સેનિટાઈઝ કરવાની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે.




બનાસ મેડિકલ કૉલેજ હોસ્પિટલ-પાલનપુર, તા. ૧૯-૫-૨૦૨૦ આજે ૧ દર્દી સાજા થઈ જતા તેને નિયમાનુસાર રજા અપાઈ. આ સાથે મેડિકલ કોલેજ હોસ્પિટલમાં છેલ્લા સવા મહીનામાં દાખલ કુલ ૭૭ પૈકી ૨ દર્દીઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ રીફર થયા હતા તે બાદ કરતા ૭૫ દર્દીઓ પૈકી ૭૦ દર્દીઓ (૯૪ ટકા) ઘરે પરત ગયા છે. હોસ્પિટલમાં સરેરાશ દર્દીને ૧૨ દિવસ સાજા થવાનો સમય રહ્યો છે. આજે રજા અપાઈ તે દર્દી પાલનપુર તાલુકાના વાસણી ગઢ ગામના છે. સતત સારવાર અને સેવાથી દર્દીઓ કોવિડ-૧૯ બિમારીમાંથી સ્વસ્થ થઈ ઘરે પરત ગયેલ છે એ બાબતે બનાસ મેડિકલ કૉલેજ હોસ્પિટલની લોકમુખે પ્રશંસા થઈ રહેલ છે. ગઈકાલે દાખલ થયેલ નવા ૨ દર્દીઓ સહિત ૩ દર્દીઓ સારવાર હેઠળ છે જેમની તબિયત સ્થિર છે. ડીસા ભણસાલી હોસ્પિટલમાંથી ૧૧ પૈકી ૧ દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા તે બાદ કરતા ૧૦ દર્દીઓમાંથી ૪ દર્દીઓને અગાઉ રજા અપાઈ હતી અને આજે ૩ દર્દીઓને રજા અપાતા ૭ દર્દીઓ (૭૦ ટકા)ને રજા અપાઈ છે.

# મોડાસાના મેઘરજ બાયપાસ રોડ પરથી ઝડપેલ દેશી દારૂ ભરેલી રીક્ષા હવામાં ઓગળી ગઈ..!!

મોડાસા, તા. ૨૦

લૉકડાઉનના પગલે સમગ્ર રાજ્યમાં પોલીસ ખડેપગે છે. કોરોનાના સંક્રમણ સામે પણ પોલીસ પોતાના જીવની કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર સતત રાત-દિવસ કામગીરી કરી રહી છે. જેને પગલે સમગ્ર દેશમાં પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. પરંતુ કેટલીક જગ્યાએ લૉકડાઉનનો લાભ ઉઠાવીને કેટલાક લોકો પોલીસ વિભાગને બદનામ કરવાનું કામ કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. મોડાસા મેઘરજ બાયપાસ રોડ પરથી મોટી માત્રામાં ભરેલ દેશી દારૂની રીક્ષા ઝડપાયા પછી હવામાં ઓગળી જતા લોકોમાં તરહ તરહ ની ચર્ચાએ જોર પકડ્યું છે આ અંગેની તપાસ જીલ્લા પોલીસવડા મયુર પાટીલ કરાવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

પ્રાપ્ત માહિતી મુજબ, બુધવારે સવારે ૮ વાગ્યાના સુમાર મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર આવેલ ગેસ્ટહાઉસ નજીકથી લોકડાઉનની અમલવારી માટે સેવા આપતાં આર્મી જવાને દેશી દારૂ ભરી ભરેલી રીક્ષા અને રિક્ષામાં બેઠેલી બે યુવતીઓને અટકાવતા યુવતીઓ રીક્ષામાંથી ઉતરી ફરાર થઈ ગઈ હતી આર્મી



જવાને દેશી દારૂ ભરેલી રીક્ષા ઝડપી પાડતાં લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા ત્યારે સ્વીફ્ટ ગાડીમાં પોલીસ જેવો દેખાતો શખ્શ ખાનગી કપડામાં પહોંચી ટોળાને હટાવી પોલીસ પોલીસનું કામ કરશે તેમ કહી ટોળાને વિખેરી નાખ્યું હતું ત્યાર બાદ થોડીક ક્ષણો પછી રીક્ષા સ્વીફ્ટ કાર પાછળ હવામાં ઓગળી ગઈ હતી. મેઘરજ બાયપાસ રોડ પરથી દેશી દારૂ ભરેલી રીક્ષા અંગે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે કોઈ ગુન્હો ન નોંધાતા ભારે અચરજ ફેલાયું છે. સ્વીફ્ટ કારમાં આવેલ શખ્સ પોલીસકર્મી હતો કે પછી અન્ય કોઈ વહીવટદાર કે બુટલેગર તે અંગેની તપાસ જિલ્લા પોલીસવડા મયુર પાટીલ કરાવે તો સમગ્ર ઘટનાની સાચી હકીકત બહાર આવી શકે છે તેવી લોક માંગ પ્રબળ બની છે અને દેશી દારૂ ભરેલ આખે આખી રીક્ષા ગાયબ કરી દેનાર જાદુગર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# માલપુર પોલીસે ૨૪ કલાકમાં ત્રણ બુટલેગરો પર ધબધબાટી

## ૧૫ હજારનો દેશી-વિદેશી દારૂ ઝડપ્યો, બુટલેગરોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના માલપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ એન.એમ. સોલંકીએ ચાર્જ સાંભળતાની સાથે માલપુર



તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર તવાઈ બોલાવી રહ્યા છે. માલપુર પોલીસની બુટલેગરો પર સતત થઈ રહેલી કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. માલપુર પોલીસે ૨૪ કલાકમાં વણજારીયા, લાલપુર અને કાટકુવા ગામે દેશી-વિદેશી દારૂનો વેપલો કરનાર ત્રણ બુટલેગરોના ઘરે દરોડો કરી ૧૫ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પડી દેશી દારૂની ભઠ્ઠીઓ તોડી પાડી હતી. બુટલેગરો પોલીસ રેડ જોઈ ફરાર થઈ જતા પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી સંતોષ વ્યક્ત કરવો પડ્યો હતો બુટલેગરોને પકડવા કમર કસી હતી.

માલપુર પીએસઆઈ સોલંકી અને તેમની ટીમ માલપુર નગર અને તાલુકામાં લોકડાઉનની અમલવારી માટે સતત પેટ્રોલિંગ કરવાની સાથે બુટલેગરો પર સકંજો કસી રહી છે. વણજારીયા ગામના મોહન ઉર્ફે ભાવેશ શનાભાઈ પગી ઘરે રેડ કરી ઘરમાંથી દેશી મદિરા અને વિદેશી દારૂ બિયર બોટલ નંગ-૭૫ કીં. રૂ. ૫૪૭૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો તેમજ લાલપુર ગામે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા દલપત મોંઘાભાઈ મસારના ઘરે ત્રાટકી ૩૦ લીટર દારૂનો વોશ કીં. રૂ. ૬૦ જપ્ત કરી ભઠ્ઠીનો નાશ કર્યો હતો.

માલપુર પોલીસે બાતમીના આધારે કાટકુવા ગામે વિદેશી દારૂનો વેપલો કરનાર પિન્ટુ ડાહ્યાભાઈ મકવાણા નામના બુટલેગરના ઘરે રેડ કરી દેશી મદિરાની બોટલ, વિદેશી દારૂ અને બિયર ટીન નંગ- ૧૩૫ મળી રૂ.૯૬૫૦ જથ્થો ઝડપી પાડ્યો હતો. માલપુર પોલીસે ત્રણે બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.





## મોડાસાના રાણાસૈયદના ૧૫૦ જરૂરિયાતમંદ પરિવારને રાશન કીટ અને રોકડ રકમની હૂંફ આપી

લોકડાઉનની કડક અમલવારી વચ્ચે શ્રમિકો અને જરૂરિયાતમંદ લોકોની હાલત દયનિય બની રહી છે. કોરોના મહામારીને લઈને સમગ્ર દેશ લોકડાઉન છે, લોકડાઉન ૩૧ મે સુધી લોકડાઉન વધારવાનો નિર્ણય કર્યો છે ત્યારે મોડાસાના રાણાસૈયદ અને નવી વસાહત વિસ્તારમાં રહેતા ૧૫૦ લઘુમતી સમાજના જરૂરિયાતમંદ પરિવારોને ઘાંચી હાઈસ્કૂલ પરિસરમાં સંસ્થાના પ્રમુખ હાજી સિકંદરભાઈ સુથાર ઉર્ફે રાજબાબુની ઉપસ્થિતિમાં દાનવીર જનાબ મુફ્તી ગુલામમહમ્મદ પટેલે સોશ્યલ ડિસ્ટન્સ સાથે રાશન કીટનું વિતરણ કરી રમજાન ઈદ આવી રહી છે ત્યારે ૫૦૦ રૂપિયા રોકડ સહાય કરી જરૂરિયાતમંદ પરિવારોને હૂંફ આપી હતી.

# સાબરકાંઠા-અરવલ્લીના દૂધ ઉત્પાદકોને જૂન મહિનામાં ભાવ વધારો ચુકવવા નિર્ણય

## ગત વર્ષની સરખામણીએ આ વર્ષે દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ વધુ મળશે

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે આધાર સ્તંભ ગણાતી સાબરડેરી દ્વારા દર વર્ષે નાણાકીય વર્ષ પૂર્ણ થયા બાદ ભાવફેરની રકમ મળતી હોય છે ત્યારે આ વર્ષે પણ કોરોનાના સંકટ વચ્ચે બન્ને જિલ્લાના અંદાજે ૩ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને આગામી જૂન મહિના પ્રથમ સપ્તાહમાં ભાવફેરની રકમ ચુકવવા માટે સાબરડેરીના નિયામક મંડળ દ્વારા હિસાબી તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે અને આ ભાવફેરની રકમ ગત વર્ષ કરતા વધુ હશે એમ સાબરડેરીના ચેરમેન તથા નિયામક મંડળના સભ્યોએ જણાવ્યુ છે.

આ અંગે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, નિયામક મંડળના સભ્ય ડૉ.વિપુલ પટેલ અને ભોગીલાલ પટેલના જણાવ્યા મુજબ ઉનાળાની કાળમી ગરમી પડી રહી હોવા છતા અત્યારે સાબરડેરી દ્વારા વિવિધ દૂધ મંડળીઓ પાસેથી અંદાજે ૨૩ લાખ લીટરથી વધુનુ દૂધનુ સંપાદન કરવામાં આવી રહ્યુ છે. દરમિયાન માર્ચ મહિનો પુરો થતા દરેક સભાસદોને સાબરડેરી દ્વારા તથા સ્થાનિક મંડળીએ કરેલા નફાની રકમમાંથી ભાવફેર ચુકવવામાં આવે છે. જે અંતર્ગત ગત વર્ષે સાબરડેરીએ ૬ ટકાથી વધુ ભાવફેર ચુકવ્યો હતો. પરંતુ આ વર્ષે ડેરીના નિયામક મંડળ અને કર્મચારીઓના ખંત અને સહકારને કારણે દૂધના ધંધામાં આવેલી બરકતનો શીધો લાભ દૂધ ઉત્પાદકોને થશે. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા શકયતઃ ભાવફેરની રકમ મે મહિનાના અંતમાં અથવા તો જાન્યુઆરીના પ્રારંભે સાબરડેરીને આ રકમ મળી જશે. ત્યારબાદ સાબરડેરી દ્વારા બન્ને જિલ્લામાં આવેલી અંદાજે ૧૬૦૦થી વધુ દૂધ મંડળીઓ તેમના દૂધની આવકને ધ્યાનમાં રાખીને ભાવફેરની રકમ ચુકવી દેવામાં આવશે. ત્યારબાદ સ્થાનિક મંડળીઓ દૂધ ઉત્પાદકોને તે રકમ ચુકવી દેશે. જોકે સ્થાનિક મંડળી દ્વારા અલગથી ફાળવવામાં આવેલ ભાવફેરની રકમ પણ સાબરડેરી દ્વારા મળનારી ભાવફેરની રકમ સાથે ચુકવી દેવાશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પ્રાંતિજ તાલુકાના પૂર્વ ધારાસભ્યએ ઓડિટ અંગે ઉભા કરેલા વિવાદ બાદ સાબરડેરીના સત્તાવાળાઓએ જણાવ્યુ હતુ કે મંડળીઓનુ ઓડિટ અને ભાવફેરની રકમ ચુકવવા બાબતે કોઈ લાગતુ વળગતુ નથી. ડેરીના સુત્રોના જણાવ્યા મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની અંદાજે ૨૦૦થી વધુ દૂધ મંડળીઓએ તેમના ગ્રાહકોને તાજેતરમાં સ્થાનિક દૂધ મંડળીએ કરેલા નફાની વહેચણી દૂધ ઉત્પાદકોને કરી દીધી છે. ડેરીના સત્તાવાળાઓના દાવા મુજબ ગત વર્ષ કરતા આ વર્ષે બન્ને જિલ્લાના દૂધ ઉત્પાદકોને ભાવફેરની રકમ ગત વર્ષ કરતા વધુ મળવાની છે. જેથી તેનો સીધો લાભ દૂધ ઉત્પાદકોને થશે. કોરોનાને લઈને દૂધ અને તેની બનાવટોના વેચાણમાં અંદાજે ૧૫ ટકાથી વધુ ઘટાડો નોંધાયો હોવા છતા સાબરડેરીના સત્તાવાળાઓ દ્વારા કાચા દૂધનો નિકાલ કરવા માટે અન્ય રાજયોમાં જે વ્યવસ્થા ગોઠવી છે તેનાથી આગામી દિવસોમાં જરૂર ફાયદો થશે એમ સાબરડેરીના એમ.ડી. ડૉ. બી.એમ. પટેલનુ કહેવુ છે.